# સુરત મહાનગરપાલિકા – યુ.સી.ડી. વિભાગ

## આર.ટી.આઈ. એક્ટ ૨૦૦૫ની કલમ ૪(૧) બી(૧)નાં કલોઝ નં.૧ થી ૧૭ મુજબ જાહેર કરવા જોગ વિગતો.

## કલમ:- ૪-(૧)-(બી)-(૧) સંસ્થાના કાર્યો અને ફરજોની વિગત

➢ **યુ.સી.ડી. વિભાગ હેઠળ ચાલતી પ્રવર્તમાન યોજનાઓ :-**

### ૧. દીનદયાળ અંત્યોદય યોજના -રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM)

સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (SJSRY)નું પુન: ઘડતર કરી દીનદયાળ અંત્યોદય યોજના -રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM) તરીકે પુન: નામાભિધાન કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ૧. સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ (Social Mobilisation and Institution Development - SM&ID) ૨. ક્ષમતા ઘડતર અને તાલીમ (Capacity Building & Training - CB&T) ૩. ક્ષમતા સંબધી તાલીમ અને પ્લેસમેન્ટ ધ્વારા રોજગાર (Employment through Skills Training & Placement- EST&P) ૪. સ્વરોજગાર કાર્યક્રમ (Self Employment Programmer - SEP) ૫. શહેરી ગરીબ ફેરિયાઓને સહાય (Support to Urban Street Vendors - SUSV) ૬. શહેરી ઘરવિહોણા લોકો માટે આશ્રય યોજના (Shelter for Urbun Homeless - SUH) ઘટક મળી કુલ – ૦૬ ઘટકનુ અમલીકરણ કરવામાં આવે છે.

### ૨. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (Mukhay Mantri Mahila Utkrsh Yojana-MMUY)

કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકુળ આર્થિક પરિસ્થિતિમાં રાજ્યના અર્થતંત્રને પુનઃવેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભય પેકેજ જાહેર કરવામાં આવેલ જે અંતર્ગત રાજ્યની મહત્તમ મહિલાઓને "જોઈન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રુપ (JLESG) માં સાંકળી તેઓમાં નિયમિત બચત કરવાની આદત કેળવાય તેમજ તેઓ નાણાકીય સધ્ધર અને આત્મનિર્ભર બને તેવા શુભાશય સાથે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

### ૩. પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (Pradhan Mantri Street Vendor’s Atma Nirbhar Nidhi-PMSVANidhi)

કોવીડ–૧૯ મહામારીનો ચેપ ફેલાતો અટકાવવા સરકારશ્રી ધ્વારા તબકકાવાર લોકડાઉન જાહેર કરવામાં આવેલ. જેમાં શેરી ફેરિયાઓના ધંધારોજગાર બંધ રહેલ હોય તેમને પુનઃકાર્યાન્વિત કરવા શેરી ફેરિયાઓને કાર્યકરી મૂડી માટે તાત્કાલિક લોન મળી રહે તે હેતુથી Ministry of Housing and Urban Affairs (MoHUA) ધ્વારા Pradhan Mantri Street Vendor’s Atma Nirbhar Nidhi (PM SVANidhi) યોજના લાગુ કરવામાં આવી છે. જે અંતર્ગત શાકભાજી , ફળ, ખાણીપીણી, ચાની લારીવાળા, પાથરણાવાળા, કલાકારીગરીની વસ્તુનું વેચાણ કરતા, ધોબી, નાઈ, મોચી તથા અનેક જીવનજરૂરી ચીજવસ્તુઓ ફેરી કરીને અથવા ફુટપાથ અથવા ખુલ્લી જગ્યામાં વેચાણ કરનાર શેરી ફેરિયાઓને રૂા. ૧૦ ,૦૦૦/– રૂપિયાની લોનની જોગવાઈ કરવામાં આવેલ. રૂ.૧૦,૦૦૦/-ની લોન નિયમિત ભરપાઈ થયેથી શેરી ફેરીયાઓને તબક્કાવાર રૂ.૨૦,૦૦૦/- તથા રૂ.૫૦,૦૦૦/-ની લોન અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં સરકારશ્રી ધ્વારા ૦૭ % વ્યાજ સબસીડી આપવામાં આવે છે. આ ઉપરાંત આ યોજના અંતર્ગત ડિઝીટલ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન મળે તે હેતુથી લાભાર્થી ધ્વારા થયેલ નિયત ટ્રાન્ઝેકશન્સ પર માસિક રૂા.૧૦૦/- સુધી પ્રોત્સાહન રકમ પણ મળવાપાત્ર છે.

## A દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM) અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન થયેલ કામગીરીની વિગત.

### Comp.-1. Social Mobilization And Institutional Development (SM&ID)

**ઘટક-૧ સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ :-**

આ ઘટક અંતર્ગત શહેરી ગરીબોના સ્વ સહાય જુથ (SHG)ની રચના કરી આ જૂથોને સાંકળી વિસ્તાર કક્ષાના મંડળ (Area Level Federation) અને શહેર કક્ષા મંડળો (City Level Federation) ની રચના કરવામાં આવે છે , ૩ માસ પૂર્ણ થયેલ સ્વ સહાય જુથોને ગ્રેડીંગ પાસ થયેથી રૂા.૧૦,૦૦૦ રીવોલ્વીંગ ફંડ ચુકવવાની જોગવાઈ છે.

| સમયગાળો | રચાયેલ સ્વસહાય જુથો (SHG) ની સંખ્યા | રચાયેલ જુથો (SHG) નાં સભ્યોની સંખ્યા | રીવોલ્વીંગ ફંડ ચુકવાયેલ જુથો (SHG)ની સંખ્યા |
|---|---|---|---|
| તા.૦૧/૦૪/૨૦૨૨થી ૩૧/૦૩/૨૦૨૩ | ૨૮૭ | ૨૮૭૦ | ૩૧૧ |

### Comp.-2. Self Employment Programme (SEP)

**ઘટક-૨ સ્વરોજગાર કાર્યક્રમ**

શહેરી ગરીબોને વ્યકિતગત ધોરણે/ જુથમાં પોતાના કૌશલને અનુરૂપ સ્વરોજગાર સાહસો/લધુ ઉધોગ સાહસો ઉભા કરવા માટે નાણાંકીય સહાય આપવાની જોગવાઈ છે. જે અંતર્ગત શહેરી ગરોબોને ઉધોગ સાહસ ઉભું કરવા માટે વ્યકિતગત લાભાર્થીને રૂ. ૨.૦૦ લાખ સુધીની અને ૦૩ કે તેથી વધુ શહેરી ગરીબો ભેગા મળી ઉધોગ સાહસ સ્થાપવા વ્યક્તિ દીઠ રૂ.૨.૦૦ લાખ લેખે અને વધુમાં વધુ રૂ.૧૦.૦૦ લાખ સુધીની બેંક મારફતે લોન મળવાપાત્ર છે. મળેલ લોન ઉપર ૭%થી ઉપર વ્યાજ દર પેટે વ્યાજુકી સહાય ચુકવવામાં આવે છે. આ ઉપરાંત ગ્રેડિંગ થયેલ સ્વસહાય જૂથોને ૦૬ માસ પૂર્ણ થયે SHG બેંક લિન્કેજ કાર્યક્રમ અંતર્ગત બેંક ધિરાણ મેળવવા સહાય કરવામાં આવે છે. જેમાં સ્વસહાય જૂથને મળેલ લોન ઉપર ૭%થી ઉપર વ્યાજ દર પેટે વ્યાજુકી સહાય ચુકવવામાં આવે છે. સ્વસહાય જૂથ ધ્વારા લોનની નિયમિત ભરપાઈ થયેથી વધુ ૦૩% વ્યાજ સબસીડી આપવામાં આવે છે.

| સમયગાળો | લોનની વિગત | બેંકોમાં મોકલવામાં આવેલ અરજીઓની સંખ્યા | બેંકો ધ્વારા મંજુર કરવામાં આવેલ અરજીઓની સંખ્યા | મંજુર લોનની રકમ રૂ. (લાખમાં) |
|---|---|---|---|---|
| તા.૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ | વ્યક્તિગત લોન (SEP-I) | ૬૪૦ | ૪૬૧ | ૪૮૬.૦૩ |
| | સ્વસહાય જૂથને લોન (SHG LOAN) | ૧૨૫ | ૧૧૦ | ૧૦૭.૪૮ |

## Comp.-3. Employment Through Skills Training & Placement (EST&P)

**ઘટક-૩ ક્ષમતા સંબધી તાલીમ અને પ્લેસમેન્ટ ધ્વારા રોજગાર :-**

શહેરી ગરીબોના કૌશલ્યો વિકસાવવા/ તેમની કક્ષા ઉચીં લઈ જવા માટે સહાય પુરી પાડવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા તથા લાભપ્રદ રોજગારી પુરી પાડવામાં મદદરૂપ થાય છે. આ કોમ્પોનન્ટ હેઠળ સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં તાલીમ વર્ગો શરૂ કરવા માટે GULM ધ્વારા માન્યતા આપવામાં આવેલ તાલીમ સંસ્થાઓ ધ્વારા વિવિધ વિષયોને લગતી તાલીમ આપવામાં આવે છે.

| સમયગાળો | એનરોલ્મેન્ટ થયેલ તાલીમાર્થીઓની સંખ્યા | તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| તા.૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ | ૧૯૦ | ૧૮૬ |

## Comp.-4. Support to Urban Street Vendors- (SUSV)

**ઘટક- ૪. શહેરી શેરી ફેરિયાઓને સહાય:-**

દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY- NULM)નાં શહેરી શેરી ફેરીયાઓને સહાય (SUSV) ઘટક અંતર્ગત ઓળખાયેલ શહેરી શેરી ફેરીયાઓને કૌશલો શીખવા, લઘુ સાહસો ઉભા કરવા અને ધિરાણ મેળવવા માટે સક્ષમ બનાવવા તથા પાયાની બેન્કિંગ સેવાઓ મેળવવા માટે પ્રોત્સાહિત કરવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.

યોજનાના આ ઘટક અંતર્ગત મહાનગરપાલિકા વિસ્તારનાં શહેરી શેરી ફેરિયાઓ માટે તાલીમ કાર્યક્રમ અને ફાઈનાન્સીયલ લિટરસી કેમ્પનું આયોજન કરવાનું રહે છે. જે અન્વયે શહેરી શેરી ફેરિયાઓને ફૂડ સેફ્ટી, સ્વાસ્થ સંબંધી સ્વચ્છતાની જાણવણી, કચરાનો યોગ્ય નિકાલ વગેરે વિષય સંદર્ભમાં તાલીમ કાર્યક્રમનાં આયોજન થકી જાગૃત કરવામાં આવે છે. વળી, બેન્કિંગ સેવાઓને લગતા ફાઈનાન્સીયલ લિટરસી કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેથી તેઓ બેંકો મારફતે ધિરાણ મેળવી રોજગાર વિકાસ પ્રવૃત્તિ કરી આર્થિક સક્ષમ થઈ શકે.

## Comp.-5. Shelter for Urban Homeless- (SUH)

**ઘટક- ૫. શહેરી ઘરવિહોણા લોકો માટે આશ્રય યોજના:-**

નેશનલ અર્બન હાઉસિંગ અને હેબીટેટ પોલિસી (એનયુએચએચપી) ૨૦૦૭નો ઉદ્દેશ સમાજના તમામ વર્ગોને પોષાય તેવી કિંમતોએ સમાન જમીન, આશ્રય અને સેવાઓ પૂરી પાડવાના હેતુથી દેશમાં આવાસનાં નિરંતર વિકાસને ઉત્તેજન આપવાનો છે.

શહેરી ઘરવિહોણા વ્યક્તિઓ આનૌપચારિક ક્ષેત્રમા સસ્તા શ્રમ ધ્વારા શહેરોનાં અને તે રીતે રાષ્ટ્રનાં અર્થતંત્રમા ફાળો આપે છે. તેમ છતાં તેઓ કોઈપણ આશ્રય કે સામાજિક સુરક્ષા, રક્ષણ સિવાય જીવન વ્યતીત કરતા હોવાની શક્યતા છે. શહેરી ઘરવિહોણાઓને આરોગ્ય, શિક્ષણ, ખોરાક, પાણી અને સ્વચ્છતા જેવી પ્રાથમિક જાહેર સેવાઓની સુવિધાઓ મળે તે જરૂરી છે. નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન અંતર્ગત શહેરી ઘરવિહોણા લોકો માટે આશ્રય ઘટકનો ઉદ્દેશ શહેરી ઘરવિહોણાને તબક્કાવાર આવશ્યક સેવાઓ સહિત કાયમી આશ્રયનું સાધન પૂરું પાડવાનો છે. જે અંતર્ગત ઘરવિહોણા લોકોને પાણી પુરવઠો, સ્વચ્છતા, સુરક્ષા અને સલામતી જેવી પાયાની આધાર વ્યવસ્થા સહિત કાયમી આશ્રયની ઉપલભ્યતા સુનિશ્રિત કરવામાં આવે છે.

આ ઘટક હેઠળ શેલ્ટરનાં લાભાર્થીઓને સામાજીક સુરક્ષા પ્રદાન કરવાના હેતુથી સરકારશ્રીની પ્રવર્તમાન વિવિધ યોજના તથા સેવાઓ સાથે જોડાણ કરવામાં આવે છે.

**B** **મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (Mukhya Mantri Mahila Utkarsh Yojana-MMUY) અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન થયેલ કામગીરીની વિગત.**

કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકુળ આર્થિક પરિસ્થિતિમાં રાજ્યના અર્થતંત્રને પુનઃવેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભય પેકેજ જાહેર કરવામાં આવેલ જે અંતર્ગત રાજ્યની મહત્તમ મહિલાઓને "જોઈન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રુપ (JLESG) માં સાંકળી તેઓમાં નિયમિત બચત કરવાની આદત કેળવાય તેમજ તેઓ નાણાકીય સધ્ધર અને આત્મનિર્ભર બને તેવા શુભાશય સાથે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ૧૦ મહિલાઓના જૂથને રૂ. ૦૧.૦૦ લાખનું વ્યાજ રહિત બેંક ધિરાણ મેળવવા સહાય કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ૨૨૪ જૂથોને રૂા. ૨.૨૪ કરોડનુ વ્યાજમૂકત બેંક ધિરાણ આપવામાં આવેલ છે. તેમજ ૨૨૪૦ મહિલાઓને યોજના અંતર્ગત સરકારશ્રી ધ્વારા કુલ રૂ.૧૩.૪૪ લાખ વ્યાજ સહાય પેટે ચુકવણી કરવામાં આવેલ છે.

**C** **પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (Pradhan Mantri Street Vendor's Atma Nirbhar Nidhi-PMSVANidhi) અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષ ૨૦૨ ૨-૨૦૨૩ દરમ્યાન થયેલ કામગીરીની વિગત.**

કોવીડ–૧૯ મહામારીનો ચેપ ફેલાતો અટકાવવા લાદવામાં આવેલ તબકકાવાર લોકડાઉનના કારણે શેરી ફેરિયાઓની રોજગારી પર માઠી અસર પડી છે. શેરી ફેરિયાઓને કાર્યકરી મૂડી માટે તાત્કાલિક લોન મળી રહે તે હેતુથી Ministry of Housing and Urban Affairs (MoHUA) ધ્વારા Pradhan Mantri Street Vendor's Atma Nirbhar Nidhi (PM SVANidhi) યોજના લાગુ કરવામાં આવી છે. જે અંતર્ગત શાકભાજી , ફળ, ખાણીપીણી - ચાની લારીવાળા, પાથરણાવાળા, કલાકારીગરીની વસ્તુ, ધોબી, નાઈ, મોચીકામ તથા જીવનજરૂરી અન્ય ચીજવસ્તુઓ ફેરી કરીને અથવા ફુટપાથ અથવા ખુલ્લી જગ્યામાં વેચાણ કરનાર શેરી ફેરિયાઓને રૂા.૧૦,૦૦૦/– રૂપિયાની લોનની જોગવાઈ છે. રૂ.૧૦,૦૦૦/-ની લોન નિયમિત ભરપાઈ થયેથી શેરી ફેરીયાઓને તબક્કાવાર રૂ.૨૦,૦૦૦/- તથા રૂ.૫૦,૦૦૦/-ની લોન અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં સરકારશ્રી ધ્વારા ૦૭% વ્યાજ સબસીડી આપવામાં આવે છે. આ ઉપરાંત આ યોજના અંતર્ગત ડિઝીટલ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન મળે તે હેતુથી લાભાર્થી ધ્વારા થયેલ નિયત ટ્રાન્ઝેકશન્સ પર માસિક રૂા.૧૦૦/- સુધી પ્રોત્સાહન રકમ પણ મળવાપાત્ર છે.

વર્ષ દરમ્યાન કુલ-૧૯૫૯૭ શેરી ફેરિયાઓની ઓળખ કરી તેઓની લોન અરજી ઓનલાઈન કરવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ, જે પૈકી **૮૮૩૩** જેટલા લાભાર્થીઓને રૂ.૧૦,૦૦૦/- ની લોન, ૭૨૫૨ જેટલા લાભાર્થીઓને રૂ.૨૦,૦૦૦/-ની લોન અને ૫૭૫ જેટલા લાભાર્થીઓને રૂ.૫૦,૦૦૦/-ની લોન એમ મળી કુલ ૧૬૬૬૦ જેટલા લાભાર્થીઓને રૂ.૨૬.૦૨ કરોડનુ બેંક ધીરાણ કરવામાં આવેલ છે.


**કલમ:- ૪-(૧)-(બી)-(૨) સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો**

## યુ.સી.ડી. વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની સત્તા અને ફરજો

| અ.નં. | હોદ્દો | જોબચાર્ટ/ કામગીરીની વિગત |
|---|---|---|
| ૧. | પ્રોજેક્ટ ઓફિસર | યુ.સી.ડી. વિભાગના ખાતાકીય અધિકારી, વિભાગની વહીવટી તેમજ ક્ષેત્રીય કામગીરી સંદર્ભમાં અધિકારી- કર્મચારીઓને માર્ગદર્શન આપવું. ખાતાની તમામ કામગીરીનું નિરિક્ષણ -નિયંત્રણ રાખવું. આપવામાં આવેલ પાવર ઓફ ડેલીગેશન મુજબની કામગીરી કરવી. |
| ૨. | ડેપ્યુટી પ્રોજેક્ટ ઓફિસર | યુ.સી.ડી. વિભાગમાં અમલીકૃત યોજનાઓના અમલીકરણની દેખરેખ , તેમજ કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરોને તથા વહીવટી સ્ટાફને યોજનાકીય માર્ગદર્શન પુરું પાડી યોજનાના લક્ષ્યાંકો સંદર્ભમાં રીવ્યુ કરવો, તેમજ ખાતાના વડાશ્રીના માર્ગદર્શન- સુચના મુજબ કામગીરી તેમજ પાવર ઓફ ડેલીગેશન મુજબની કામગીરી કરવી. |
| ૩. | આસી. એકાઉન્ટન્ટ | ખાતામાં થતી નાણાકિય લેવડ-દેવડની ચકાસણી તેમજ વાર્ષિક હિસાબો તૈયાર કરવાની કામગીરી, તેમજ સરકારશ્રીમાંથી યોજનાકીય ગ્રાંટ મેળવવા સંદર્ભે જરૂરી કામગીરી કરવી- કરાવવી. |
| ૪. | સેકશન ઓફિસર | વહીવટી તેમજ મહેકમને લગતી તમામ કામગીરી કરવી/ કરાવવી. |
| ૫. | ઈન્વેસ્ટીગેટર | યુ.સી.ડી. વિભાગ અમલીકૃત યોજનાઓ સંદર્ભે એકશન પ્લાન તૈયાર કરવા , રીપોર્ટ - પત્રવ્યવહાર કરવો. તેમજ ઉપલા અધિકારીઓના માર્ગદર્શન અને સુચના મુજબની કામગીરી તથા તમામ યોજનાઓની આંકડાકિય માહિતી એકત્ર કરી , સંકલનની કામગીરી કરવી તેમજ યોજનાકીય કામગીરી સંદર્ભે રેકોર્ડ નિભાવવો. |
| ૬. | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | યુ.સી.ડી. વિભાગ અમલીકૃત યોજનાઓના પ્રચાર-પ્રસારથી તેના અમલીકરણ સુધીની ક્ષેત્રિય કામગીરી તથા તે અંગે જરૂરી રીપોર્ટ રજુ કરવા તથા ખાતાના અધિકારીશ્રીઓના માર્ગદર્શન- સુચના મુજબ કામગીરી. |
| ૭. | સીની.કલાર્ક | યુ.સી.ડી. વિભાગ અમલીકૃત યોજનાઓ અંગે વહીવટી , હિસાબી, આર.ટી.આઈ., તેમજ મહેકમ અંગેની કામગીરી સાથે વહીવટી સરળતા ખાતર લાગત અધિકારીશ્રીઓના માર્ગદર્શન અને સુચના મુજબની કામગીરી. |
| ૮. | ત્રીજી શ્રેણી કલાર્ક | યુ.સી.ડી. વિભાગ અમલીકૃત યોજનાઓ અંગે વહીવટી કામગીરી , ટાઈપીંગ, ડિસ્પેચ તેમજ અન્ય આનુંસાગિક કામગીરી. |
| ૯. | પટાવાળા | યુ.સી.ડી. વિભાગની ઓફિસની સાફ- સફાઈ, ઓફિસ ટપાલો તેમજ ખાતાની આનુંસાગિક કામગીરી કરવી. |

## -: વ્યવસ્થાતંત્ર :-

યુ.સી.ડી. વિભાગનું વ્યવસ્થાતંત્ર નીચે મુજબ છે.



**<u>કલમ-૪-(૧)-(બી)-(૩)</u>**

- **<u>દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ</u>**
  **યુસીડી વિભાગ ધ્વારા અમલીકૃત યોજનાઓમાં હાથ ધરવામાં આવતી મુખ્ય કામગીરી નીચે મુજબ છે.**

**<u>> દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM)</u>**

સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજનાનું પુન: ઘડતર કરી તેનું National Urban Livelihood Mission (DAY-NULM) યોજના તરીકે પુન: નામાભિધાન કરવામાં આવેલ છે. જે અંતર્ગત નીચે મુજબના વિવિધ ઘટકો મારફતે યોજનાનું અમલીકરણ કરવાનું રહે છે

૧. સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ (Social Mobilization And Institution Development) - (SM&ID)

આ ઘટક અંતર્ગત શહેરી ગરીબોના સ્વ સહાય જુથ(SHG)ની રચના કરી જૂથોને સમાવી વિસ્તાર કક્ષાના મંડળો (Area Level Federation) તથા શહેરી કક્ષાનાં મંડળો (City Level Federation) ની રચના કરવાની રહેશે.

૨. ક્ષમતા ઘડતર અને તાલીમ (Capacity Building & Training)-(CB&T)

કેન્દ્રીય, રાજય અને શહેર સ્તરે સમયસર અને ઉચ્ચ ગુણવત્તાપુર્ણ ટેકનિકલ સહાય ઉભી કરવી.

૩. ક્ષમતા સંબધી તાલીમ અને પ્લેસમેન્ટ ધ્વારા રોજગાર (Employment through Skills Training & Placement)-(EST&P)

શહેરી ગરીબોના કૌશલો વિકસાવવા/ તેમની કક્ષા ઉચીં લઈ જવા માટે સહાય પુરી પાડવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરશે તથા લાભપ્રદ રોજગારી પુરી પાડવામાં મદદરૂપ થશે.

૪. સ્વરોજગાર કાર્યક્રમ (Self-Employment Programmer)-(SEP)

શહેરી ગરીબોને વ્યકિતગત ધોરણે/ જુથમાં પોતાના કૌશલને અનુરૂપ નફાકારક સ્વરોજગાર સાહસો/લઘુ ઉધોગ સાહસો ઉભા કરવા માટે નાણાંકીય સહાય આપવાની જોગવાઈ છે , જે અંતર્ગત શહેરી ગરોબોને ઉધોગ સાહસ ઉભું કરવા માટે બેંક તરફથી મળેલ લોન ઉપર વ્યાજુકી સહાય નિયત મર્યાદામાં ચુકવવામાં આવે છે.

૫. શહેરી ફેરિયાઓને સહાય (Support to Urban Street Vendors)-(SUSV)

શહેરી ગરીબ ફેરિયાઓને કૌશલો શીખવા , લધુ સાહસો ઉભા કરવામાં સહાય કરવા , ધિરાણ મેળવવા માટે સક્ષમ બનાવવા જરૂરી આયોજન કરવું.

૬. શહેરી ઘરવિહોણા લોકો માટે આશ્રય યોજના (Shelter for Urban Homeless)-(SUH)

શહેરી ઘરવિહોણા લોકો માટે આશ્રય યોજના (સ્કીમ ઓફ શેલટર ફોર અર્બન હોમલેશ- SUH)નો મુખ્ય ઉદ્દેશ શહેરી સમાજના સૌથી ગરીબ વર્ગને પાણી પુરવઠો , સ્વચ્છતા, સુરક્ષા અને સલામતી જેવી પાયાની આધાર વ્યવસ્થા સહિત કાયમી આશ્રયની ઉપલભ્યતા સુનિશ્રિત કરવાની છે.

☞ **મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (Mukhya Mantri Mahila Utkarsh Yojana-MMUY)**

ભારત સરકારશ્રી સહાયિતા મહિલા આજીવિકા માટેની શહેરી વિસ્તાર માટે નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (NULM) યોજના અમલમાં છે.રાજ્યની મહત્તમ મહિલાઓને "જોઈન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રુપ (JLESG)માં સાંકળી જોડાયેલ મહિલાઓમાં નિયમિત બચત કરવાની આદત કેળવાય તેમજ તેઓ નાણાકીય સધ્ધર અને આત્મનિર્ભય થાય તેવા શુભાશય સાથે કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકુળ આર્થિક પરિસ્થિતિમાં રાજ્યના અર્થતંત્રને પુનઃવેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભય પેકેજ જાહેર કરવામાં આવેલ છે. જેમાં " મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના"નો સમાવેશ કરવામાં આવેલ છે.

"મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" અંતર્ગત ૧૦(દશ) બહેનોના જુથને રૂા.૧,૦૦,૦૦૦/– નું વ્યાજમુકત બેંક ધિરાણ આપવામાં આવે છે.

આ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ૨૨૪ જૂથોને રૂા. ૨.૨૪ કરોડનુ વ્યાજમૂકત બેંક ધિરાણ આપવામાં આવેલ છે. તેમજ ૨૨૪૦ મહિલાઓને યોજના અંતર્ગત સરકારશ્રી ધ્વારા કુલ રૂ.૧૩.૪૪ લાખ વ્યાજ સહાય પેટે ચુકવણી કરવામાં આવેલ છે.

☞ **પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (Pradhan Mantri Street Vendor’s Atma Nirbhar Nidhi - PMSVANidhi) યોજના**

**કો** વીડ–૧૯ મહામારીનો ચેપ ફેલાતો અટકાવવા લાદવામાં આવેલ તબક્કાવાર લોકડાઉનના કારણે શેરી ફેરિયાઓની રોજગારી પર માઠી અસર પડેલ. શેરી ફેરિયાઓને કાર્યકરી મૂડી માટે તાત્કાલિક લોન મળી રહે તે હેતુથી Ministry of Housing and Urban Affairs (MoHUA) ધ્વારા Pradhan Mantri Street Vendor’s Atma Nirbhar Nidhi (PM SVANidhi) યોજના લાગુ કરવામાં આવી છે. જે અંતર્ગત શાકભાજી , ફળ, ખાણીપીણી - ચાની લારીવાળા, પાથરણાવાળા, કલાકારીગરીની વસ્તુ, ધોબી, નાઈ, મોચીકામ તથા જીવનજરૂરી અન્ય ચીજવસ્તુઓ ફેરી કરીને અથવા ફુટપાથ અથવા ખુલ્લી જગ્યામાં વેચાણ કરનાર શેરી ફેરિયાઓને રૂા.૧૦ ,૦૦૦/– રૂપિયાની લોનની જોગવાઈ છે. રૂ.૧૦,૦૦૦/-ની લોન નિયમિત ભરપાઈ થયેથી શેરી ફેરીયાઓને તબક્કાવાર રૂ.૨૦,૦૦૦/- તથા રૂ.૫૦,૦૦૦/-ની લોન અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં સરકારશ્રી ધ્વારા ૦૭% વ્યાજ સબસીડી આપવામાં આવે છે. આ ઉપરાંત આ યોજના અંતર્ગત ડિઝીટલ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન મળે તે હેતુથી લાભાર્થી ધ્વારા થયેલ નિયત ટ્રાન્ઝેકશન્સ પર માસિક રૂા.૧૦૦/- સુધી પ્રોત્સાહન રકમ પણ મળવાપાત્ર છે.

## <u>કલમ-૪-(૧)-(બી)-(૪) કાર્યો બજાવવા માટે નક્કી કરેલ ધારા ધોરણો</u>

### <u>યુ.સી.ડી વિભાગના કાર્યો (અમલ હેઠળની યોજના) બજાવવાના નક્કી કરેલ ધોરણો</u>

૧. **<u>રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન-NULM)</u>**

☞ સદર યોજનાનું મિશન ડોકયુમેન્ટ તથા રાજય સરકારશ્રીની વખતો વખતની સુચનાને ધ્યાને લઈ યોજનાનો અમલ કરવાનો રહે છે.

૨. **<u>મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (Mukhya Mantri Mahila Utkarsh Yojana-MMUY)</u>**

☞ સદર યોજના અંગે રાજ્ય સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક GLP/૧૦૨૦૨૦/ ૧૦૩૯૨૩/ એસ.એફ.એસ.-૬/ ખ-૧ સચિવાલય ગાંધીનગરના તા. ૧૪/૦૮/૨૦૨૦ તથા રાજય સરકારશ્રીની વખતો વખતની સુચનાને ધ્યાને લઈ યોજનાનો અમલ કરવાનો રહે છે.

૩. **<u>પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (Pradhan Mantri Street Vendor's Atma Nirbhar Nidhi- PMSVANidhi)</u>**

☞ સદર યોજનાની માર્ગદર્શિકા તથા સરકારશ્રીની વખતો વખતની સુચનાને ધ્યાને લઈ યોજનાનો અમલ કરવાનો રહે છે.

## <u>કલમ-૪-(૧)-(બી)-(૫) કાર્યો બજાવવા માટે અથવા નિયંત્રણ હેઠળના અથવા કર્મચારીઓ ધ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ.</u>

☞ યુસીડી વિભાગના કાર્યો બજાવવા માટે ખાતા પાસેના અથવા ખાતાના નિયંત્રણ હેઠળના અથવા ખાતાના કર્મચારીઓ ધ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ. સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૬ તેમજ વર્ષ ૨૦૦૮ દરમ્યાન સ્લમ વિસ્તાર તેમજ સ્લમ વિસ્તાર સિવાયના ઓળખી કાઢવામાં આવેલ બીપીએલ કુટુંબોની યાદી મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ છે.

☞ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (NULM)ની સરકારશ્રી ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ ગાઈડ લાઈન ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશનની વેબ સાઈટ gulm.gujarat.gov.in તથા નેશનલ અર્બન લાઈવલીહુડ મિશનની વેબસાઈટ nulm.gov.in પર મુકવામાં આવેલ છે.

☞ પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (Pradhan Mantri Street Vendor's Atma Nirbhar Nidhi)ની વિગત સરકારશ્રી ધ્વારા યોજના સંદર્ભે તૈયાર કરેલ વેબસાઈટ pmsvanidhi.mohua.gov.in પર દર્શાવવામાં આવે છે.

**<u>કલમ-૪-(૧)-(બી)-(૬) નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગનું પત્રક</u>**

૧: સુરત મહાનગરપાલિકાના સાધારણ સભાના ઠરાવ ક્રમાંક : ૧૫૫૮/૨૦૧૪,તા.૦૨/૦૧/૨૦૧૫ અને સ્થાયી સમિતિના ઠરાવ ક્રમાંક નં. ૧૯૬૧/૨૦૧૪ મુજબ સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં દીનદયાળ અંત્યોદય યોજના - નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન (DAY-NULM) નું અમલીકરણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

૨: દીનદયાળ અંત્યોદય યોજના- નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન ( DAY-NULM)ની માર્ગદર્શિકા.

૩: મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (MMUY) અંગે રાજ્ય સરકારશ્રીના પંચાયત , ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક GLP/૧૦૨૦૨૦/ ૧૦૩૯૨૩/ એસ.એફ.એસ.-૬/ ખ-૧ સચિવાલય ગાંધીનગરના તા. ૧૪/૦૮/૨૦૨૦ તથા રાજય સરકારશ્રીની વખતો વખતની સુચનાને ધ્યાને લઈ યોજનાનો અમલ કરવાનો રહે છે.

**<u>કલમ-૪-(૧)-(બી)-(૭) નીતી ઘડતરના અથવા તેના અમલીકરણના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનિમય માટે અથવા તેમના ધ્વારા રજુઆત માટેની વિદ્યમાન કોઈ વ્યવસ્થાની વિગતો :-</u>**

સમયાંતરે રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ યોજનાનું અમલીકરણ કરવાનું રહે છે.

**<u>કલમો-૪-(૧)-(બી)-(૮) સલાહના હેતુઓ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ, કાઉન્સીલો, સમિતિઓ વિ. :-</u>**

કલમ ૪-૧-બી-૭ મુજબ અમલીકરણ કરવાનું રહે છે.

**કલમ-૪-(૧)-(બી)-(૯) અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા**

**યુ.સી.ડી. વિભાગમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓની વિગત.**

| અ.નં | કર્મચારીનું નામ | કર્મચારી નંબર | હોદ્દો | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| ૧. | શ્રીમતી જી.આર.જરીવાલા | ૩૪૨૬૬ | આસી.કમિશનર અને ઈ.ચા ડે.કમિશનરશ્રી | ૯૭૨૪૩૪૫૪૮૬ |
| ૨. | શ્રી આર.સી.પટેલ | ૩૫૬૯૭ | પ્રોજેક્ટ ઓફિસર | ૯૭૨૪૩૪૫૫૬૦ |
| ૩. | શ્રીમતી કે.ડી.દેસાઈ | ૩૯૪૦૧ | ડે.પ્રો.ઓફિસર | ૯૯૨૫૧૫૫૦૯૮ |
| ૪. | શ્રી જે.યુ.પ્રજાપતિ | ૩૭૬૧૦ | ડે.પ્રો.ઓફિસર | ૯૪૨૮૧૭૯૦૦૯ |
| ૫. | ખાલી જગ્યા | | ઈન્વેસ્ટીગેટર | |
| ૬. | શ્રી આર.એસ. પારેખ | ૨૨૦૨૫ | ઈ.ચા.સેક્શન ઓફિસર | ૯૮૨૫૧૪૬૮૨૧ |
| ૭. | શ્રીમતી એમ.એન.મલેક | ૩૮૦૨૧ | આસી.એકાઉન્ટન્ટ | ૯૭૨૭૧૪૭૫૭૧ |
| ૮. | શ્રીમતી કે.પી.દેસાઈ | ૩૫૩૭૪ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૯૭૨૪૩૩૧૮૭૨ |
| ૯. | શ્રીમતી જે.એ.પટેલ | ૩૫૩૭૫ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૯૭૨૪૩૩૧૮૬૫ |
| ૧૦. | શ્રીમતી જે.એમ.ગામીત | ૩૫૩૭૬ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૯૭૨૭૭૪૦૮૭૧ |
| ૧૧. | શ્રી એન.ડી.ડાભી | ૩૫૩૭૭ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૯૭૨૪૩૩૧૮૭૮ |
| ૧૨. | શ્રી આર.બી.મેર | ૩૫૯૬૬ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૯૭૨૭૭૪૦૮૭૫ |
| ૧૩. | શ્રીમતી પી.આર.પરમાર | ૩૫૫૨૫ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૯૭૨૪૩૩૧૮૮૫ |
| ૧૪. | શ્રી એચ.આર સિંધવ | ૪૬૫૩૨ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૩૬ |
| ૧૫. | શ્રીમતી એ.એન.પટેલ | ૪૬૫૩૩ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૩૫ |
| ૧૬. | શ્રીમતી એ.કે.ભંડેરી | ૪૬૫૩૪ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૨૮ |
| ૧૭. | શ્રી આર.આર.ગામીત | ૪૬૫૩૫ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૩૩ |
| ૧૮. | શ્રી ડી.એસ.પટેલ | ૪૬૫૩૬ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૩૭ |
| ૧૯. | શ્રી એ.ડી.વસાવા | ૪૬૫૩૭ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૩૪ |
| ૨૦. | કુ. ટી.આર.નાયક | ૪૬૫૩૮ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૨૭ |
| ૨૧. | શ્રી કે.એ.ત્રિવેદી | ૪૬૫૩૯ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૩૨ |
| ૨૨. | શ્રી સી.એમ.સોલંકી | ૪૬૫૪૦ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૩૧ |
| ૨૩. | શ્રી એ.સી.ખાતરા | ૪૬૫૪૧ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૩૦ |
| ૨૪. | શ્રી એચ.સી.તળાવીયા | ૪૬૫૪૨ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | ૬૩૫૯૯૦૯૯૨૯ |
| ૨૫. | ખાલી જગ્યા | | સીનીયર ક્લાર્ક | |
| ૨૬. | ખાલી જગ્યા | | સીનીયર ક્લાર્ક | |
| ૨૭. | ખાલી જગ્યા | | સીનીયર ક્લાર્ક | |
| ૨૮. | શ્રીમતી ડી.જે.સરસીયા | ૪૭૭૭૧ | ત્રીજી શ્રેણી ક્લાર્ક | ૯૭૨૭૭૫૩૪૩૨ |
| ૨૯. | શ્રી જી.બી.સોલંકી | ૪૭૭૭૨ | ત્રીજી શ્રેણી ક્લાર્ક | ૯૭૨૭૭૧૯૧૨૧ |
| ૩૦. | શ્રી જે. એમ. ચૌધરી | ૪૭૯૭૫ | ત્રીજી શ્રેણી ક્લાર્ક (ઓન લોન) | ૮૭૮૦૮૪૩૧૫૦ |
| ૩૦. | શ્રીમતી એમ.વી.રાવદકા | ૪૮૨૮૧ | ત્રીજી શ્રેણી ક્લાર્ક | ૯૯૭૪૬૭૦૦૧૧ |
| ૩૧. | શ્રી ડી.પી.વરીયાવવાલા | ૧૩૮૬૯ | પટાવાળા | ૯૭૧૨૬૩૦૯૮૩ |
| ૩૨. | શ્રીમતી એ.એન.પટેલ. | ૩૫૬૦૯ | પટાવાળા | ૯૯૧૩૩૩૭૪૪૦ |
| ૩૩. | ખાલી જગ્યા | | પટાવાળા | |
| ૩૪. | શ્રી એ.ડી.ગલચર | ૩૯૩૨૦ | પટાવાળા (ઓન લોન) | ૮૮૬૬૬૬૦૭૬૮ |
| ૩૫. | શ્રી એસ.એન. મિસ્ત્રી | ૪૨૭૬૦ | પટાવાળા | ૯૯૦૪૧૪૧૨૪૧ |
| ૩૬. | શ્રી કે.ડી.ગોહીલ | ૪૨૯૧૯ | પટાવાળા | ૭૩૮૩૯૮૩૬૮૨ |
| ૩૭. | ખાલી જગ્યા | | પટાવાળા | |

**કલમ:- ૪-(૧)-(બી)-(૧૦) દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક મહેનતાણા :-**

☞ બીસીએનટી વાઈઝ અધિકારીઓને કર્મચારીઓની માહિતી www.suratmunicipal.gov.in પર સંયુક્ત રીતે મુકવામાં આવેલ છે , તથા અત્રેના ખાતાના કર્મચારીઓના મહેકમ , દફતર તથા પગાર રજીસ્ટરની નકલ ખાતામાં ઉપલબ્ધ છે.

**કલમ:- ૪-(૧)-(બી)-(૧૧) તમામ યોજનાઓ, સુચિત ખર્ચ, ચુકવેલ નાણા પરના અહેવાલોની વિગતો દર્શાવતું અંદાજપત્ર :-**

☞ બીસીએનટી વાઈઝ માહિતી www.suratmunicipal.gov.in પર સંયુકત રીતે મુકવામાં આવેલ છે.

**કલમ:- ૪-(૧)-(બી)-(૧૨) ફાળવેલ રકમો સહીત સબસીડી કાર્યક્રમોની અમલ બજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો**

૧. દીનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન(DAY-NULM)નાં સ્વરોજગાર કાર્યક્રમ (SEP) ઘટક અંતર્ગત વ્યક્તિગત, જૂથ તથા સ્વસહાય જુથને બેંક ધ્વારા ધંધા-રોજગાર માટે મળેલ લોન ઉપર બેંકનાં પ્રવર્તમાન વ્યાજદર અને ૭% વચ્ચેના તફાવતના દરે લાભાર્થીને વ્યાજ સહાય ચુકવવા સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.

૨. દીનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM)નાં સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ (SM&ID) ઘટક અંતર્ગત રચાયેલ સ્વસહાય જૂથોને ૩ માસ પુરા થયે કરવામાં આવતા ગ્રેડીંગમા પાસ થયેલ જૂથોને રીવોલ્વીંગ ફંડ પેટે રૂ.૧૦,૦૦૦/- ની સહાય કરવામાં આવે છે.

૩. દીનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM)નાં_સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ (SM&ID) ઘટક અંતર્ગત રચાયેલ સ્વસહાય જૂથો(SHG)ની રચના કરી આ જૂથોને સાંકળી વિસ્તાર કક્ષાના મંડળ (Area Level Federation)ની રચના કરવામાં આવે છે. વિસ્તાર કક્ષાના મંડળ (Area Level Federation) ને રીવોલ્વીંગ ફંડ પેટે રૂ.૫૦,૦૦૦/- ની સહાય કરવામાં આવે છે.

**કલમ:- ૪-(૧)-(બી)-(૧૩) છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો :-**

☞ જાહેર સત્તા મંડળ સાથે સંયુક્ત છે અત્રેના ખાતાની અલાયદી માહિતી નથી.

**કલમ:- ૪-(૧)-(બી)-(૧૪) ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં ઉપલબ્ધ માહિતીને લગતી વિગતો :-**

☞ સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૬ તેમજ વર્ષ ૨૦૦૮ દરમ્યાન સ્લમ વિસ્તાર તેમજ સ્લમ વિસ્તાર સિવાયના ઓળખી કાઢવામાં આવેલ બીપીએલ કુટુંબોની યાદી મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ છે.

☞ **પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (Pradhan Mantri Street Vendor’s Atma Nirbhar Nidhi)** ની વિગત સરકારશ્રી ધ્વારા યોજના સંદર્ભે તૈયાર કરેલ વેબસાઈટ pmsvanidhi.mohua.gov.in પર દર્શાવવામાં આવે છે.

☞ **રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન- NULM)**ની વિગત સરકારશ્રી ધ્વારા યોજના સંદર્ભે તૈયાર કરેલ વેબસાઈટ nulm.gov.in પર દર્શાવવામાં આવે છે.

**કલમ:- ૪-(૧)-(બી)-(૧૫) જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તેવા ગ્રંથાલય વિગેરે:-**

☞ જાહેર સત્તા મંડળ સાથે સંયુક્ત છે.

**કલમ:- ૪-(૧)-(બી)-(૧૬)**

**જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દો અને બીજી વિગતો**

| અ.નં | યુ.સી.ડી. ખાતાની વિગત | નામ | હોદ્દો |
|---|---|---|---|
| ૧. | જાહેર માહિતી અધિકારીશ્રી | શ્રીમતી એમ.એન. મલેક | આસી.એકાઉન્ટન્ટશ્રી |

**અપીલ અધિકારીઓના નામ, હોદ્દો અને બીજી વિગતો.**

| અ.નં | યુ.સી.ડી. ખાતાનાં વડાની વિગત | નામ | હોદ્દો |
|---|---|---|---|
| ૧. | અપીલ અધિકારીશ્રી | શ્રી આર. સી. પટેલ | પ્રોજેક્ટ ઓફિસરશ્રી |

**કલમ:- ૪-(૧)-(બી)-(૧૭) ઠરાવવામાં આવેલ તેવી બીજી માહિતીઓ :-**

☞ જાહેર સત્તા મંડળ સાથે સંયુક્ત છે.